સીમંતીની.

તથા

ચોવીસ અવતાર.

શા. વિઠ્ઠલદાસ.

જેને જન્મનથી નથી મરણ કે વ્યાધીઉપાધીવળી
નીરાકાર છતાં સદા જગતમાં પ્રત્યક્ષ ભાસે વળી
તે છે અંતરજામી સૌ જગતના માતા તથા છે પતી
તે સર્વેશ્વર સચ્ચિદાનંદ કરશે ગાયા વિના મુક્તિ.

પ્રથમાવૃત્તિ. પ્રત—૧૦૦૦.

ધી " સોહેર " પ્રીન્ટીંગ પ્રેસ સુરત.

સંવત ૧૯૬૬ સને ૧૯૧૦

કીમત બે આના.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૨૫૦૮ वर्गांक

पुस्तकनुं नाम અશાંતિની

विषय દે-૪

સીમંતીની.

તથા

ચોવીસ અવતાર.

શા. વિક્રિડીત.

જેને જન્મનથી નથી મરણુ કે વ્યાધીઉપાધીવળી
નીરાકાર છતાં સદા જગતમાં પ્રત્યક્ષ ભાસે વળી
ને છે અંતરયામી સૌ જગતના માયા તણા છે પતી
તે સર્વેશ્વર એકદંત કરસે માયા વિના મન્મતિ.

પ્રથમાવૃતિ પ્રત—૧૦૦૦

ધી "રાંદેર" પ્રીન્ટીંગ પ્રેસ સુરત.

સંવત ૧૯૬૬ સને ૧૯૧૦

કીમત બે આના.


ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ
૨૫૦૮

શંકરની આરતી.

રાગ શીવ વીવાહ.

શંકર સુતને પાયે લાગુ શીવજીની ભકતાઇ હું માગુ
સહાય કરીને શંકર મુજને આપીએરે
સવારે શંકર ગુણ ગાઉં આંગણીએ ફુલડાં વેરાવું
શીવરાત્રીના આણંદ ઓચ્છવ આવીયારે
કીરપા કરો તમે શંકર રાય તો વ્રત મારાં પૂરણ થાય
પ્રીત કરીને મધરાત્રે પુજા કીજીએરે
ગણપતી નંદની પુજા કરીએ તે કેડે શીવ મંદિર પરવરીએ
તન મન આરતી ઉમીયાવરની કીજીયેરે
તિરથપર સ્નાનજ કરીએ ને મોહ માયા મદ મચ્છર હરીએ
નિત્ય કરમ કરીને નીમ ત્યાં લીજીએરે
સુદોદક સ્નાનજ કરીએ ને કટી ઉપર પીતાંબર ધરીએ
કેસર ચંદન અંગે લેપન કીજીએરે
તાર પછી બોલી જળ ધરીએ ને મંત્ર ભણી ધુપ દીપક કરીએ
નાના વિધના નીવેદ્ય ધરૂ માહારાજનેરે
આરોગો શીવ રૂડી રીતે માગી લેજો પુરણ પ્રીતે

આરૂં ખાટું તે મુજને કીજીએરે
ગંગા જળ જારી ભરી લાઉં તમારા કરને મુખ ધોવડાવું
મુખવાસ આપું તે લવીંગ એલચીરે
સુડી સોપારી પાનના બીડાં એલચડી મહી તજ છે તાજાં
દક્ષણા આપુ તે મુજને જે મળે રે
નરત કરૂ ને શીવ આગળ નાચુ ચરણ કમળની સેવા જાચું
પોતાના જાણી શંકર સુખ આપજોરે
કરૂ આરતી આણંદકારી નીરખવા નજરે સુલ પ્રાણી
તનમન આરતી ઉમીયાવરની કીજીએરે.



શ્રી ગણેશાયનમ:

અથ સીમંતીની

સુત કહેરે સાંભળ ભુદેવ, પ્રીતે પુરણ ભજીયે માહાદેવ.
કારણ વિના પુજે પશુપતી, તે પામે નિશ્ચય સદગતી
વિષય વાંછના જે ચીત ધરે, તે સુખ પામે ને ભવતરે.
જેમ જાણો તેમ સેવો ઇશ, જેને સેવે સુરકોડ તેતરીશ
નીરાકાર નીરંજન દેવ, નીરભય પદ આપે તત્ખેવ.
શંકર તત્વ જાણો બહુ સાર, અનેક તર્યા ભવસાગર પાર
પ્રદોશે પુજવા વિશ્વાધાર, મન વાંછીત આપે સોમવાર.
સંધ્યા સમે પુજવા અવીનાશ, સોમ દીવસે રહેવું અપવાશ
વાન પ્રસ્થને બ્રહ્મચારી જતી, ગૃહસ્થ ને પુજવા ગીરજા પતી.
નાની મોટી વરણ અઢાર, સોકોને પુજવા વિશ્વાધાર
વીધવા સધવા ને કન્યા સાર, શંકર વ્રત કરવો સોમવાર.
સોમ પ્રદોશનો પાર ન લહુ, એ કથા વસ્તારી કહુ
જે સાંભળતાં અતી સુખ થાય, જનમ મરણની આરત જાય.
સકલ લોકમાં જશ થાય ઘણો, અંતે પદ પામે શીવતણો
પ્રજાવતીમાં એકજ ભુપ, પ્રગટહવારે પુન્ય સ્વરૂપ.
ચતુર શીરોમણી ગુણનીધાન, ચીત્રવરમા છે તેનુ નામ
વેદ વીદોક્ત જાણે કર્મ, ક્ષત્રી તણો બહુ પાળે ધર્મ.
હર શંકરપર બહુ વિશ્વાસ, સદા કરે સેવા થઇ દાસ
અનેક યજ્ઞ કરે નીત્ય નવા, રાજ ધુરંધર સુખ પામવા.

અનેક ઓ પણ સંતાનજ નહી, વર્ષ પણે અતી ચીંતા થઇ
શીવ પુંજયા દ્રઢ પ્રીતે કરી, એમ કરતાં એક થઇ દીકરી.
ચીત્રસેન સુખ પામ્યા ઘણું વંઝા દુઃખ ટાળ્યુ અમ તણું
અનેક દેશના ભુદેવ મળ્યા, આહ જોવાને પુત્રી તણા.
અનેક દાન કર્યાં તે ઠામ, સીમંતીની એવુ પાડયુ નામ
બ્રાહ્મણ કહે સાંભળ કહુ રાય, તેના ભાગ્ય તણો મહીમાય.
સુંદર રૂપ શુભ લક્ષણ ભરી, કટીરથાનક જાણો કેશરી
નાના વીધના ભોગવસે ભોગ, વૃત ઉત્તમ જપશે સંજોગ.
ચંદ્ર કળા અંગે વાધશે, મંત્ર ભક્તિ કરી શીવ સાધશે
સકળગુણ અપરમતી સાર, તેના અનુક્રમે કહુ વીસ્તાર.
રૂપ લક્ષણે કમળા નીરધાર, સૌભાગ્યપણે ગીરજાની સાર
ચતુરપણે દમયંતી સતી, જીવ્હા એ જાણો સરસ્વતી.
અદભુત પુત્ર પ્રસવસે આઠ, જાણો આદીસુર અવીનાશ
સીતા સરખી સાધવી થશે, સ્વામિ સહીત શીવપુરીમાં જશે.
ચંદ્રકળા અંગે વાધશે, મંત્ર ભક્તિ કરી શીવ સાધશે
બ્રાહ્મણ કહે રચના છે એહ, એના ભાગ્ય તણો કહુ નેહ.
એવું સાંભળી પ્રીત થઇ ઘણી, આપ્યા ગજરથ અમરમણી
નીરભય થઇ મનઆણી ધીર, એક બ્રાહ્મણ બોલ્યો વીપરીત.
સત્ય વચન કહું સાંભળરાય, રખે મનતુ વ્યાકુળ થાય
કરમે કહ્યું તે નીશ્ચયથશે. ચોદમે વરસે વીધવા થશે.
એવું વચન સુણી દ્વીજ તણું, રાજા દુખ પામ્યો મન ગણું
જેમ જાણે તેમ બોલે લોક, ફોગટ શો ધરવો શોક.
થાશું ઇશ્વરનું થશે નીરધાર, દ્રઢ ચીત રાખી કર્યો વીચાર
પીતા મંદિર સીમંતીની રમે. સૈયર બોલી તે એક સમે

ચૌદ વરસ સુખ પામસો ઘણું, દુખ થશે પછી વીધવા તણું
વીધવા પણું સાંભળીને કરણુ, જાગની સ્ત્રીની ગઇ તે શરણુ
મંત્રી પોતાની કહેવાય, તેને જઇને લાગી પાય
હું આવી માતા તમ પાસ, વીધવા દુખ ટાળવાની આશ.
વ્રત ઉપવાસ કહે ઉપાય, જે આચેરતાં અતી સુખ થાય
મંત્રી કહે સાંભળ વીનતી, સેવો નીરંજન ગવરીપતી.
સોમ પ્રદોષ વ્રત કરજો સહી, સેવો શીવ ગીરજા સ્થીર રહી
એવું સાંભળી થંઇ રળીઆત, સોમ પ્રદોશ ચીત આણી વાત.
શીવ શકતી પુજવા નીરધાર. નીમ સહીત માંડયો સોમવાર
ઘણા દીવસ ત્યાં ગયા રે વહી, પરણવા જોગ પુત્રી થઈ.
નૈશદ દેશ તણો ભુપતિ, તેહેની રાણી દમયંતી સતી
ઇંદ્રસેન નૃપ નળનોસુત, ક્ષત્રી ધર્મ પાળે અદભુત.
તેનો શુત ચંદ્રાગત નામ, શુર શીરોમણ પુરણ કામ
તે સંઘાથે વીહવા કર્યો, ચીત્રવરમા અતી હરસે ભર્યો.
વીધવીધ કીધી પેરામણી, આપ્યા ગજરથ અમરમણી
અનેક દેશના ભુપતી મળ્યા, કરી વીવાહ સૌ પાછા ફર્યા.
કુંવર રહયો સસરાને ઘેર, મીત્રી સમીત્રની કરતા પેર
સખા સમેત રમવા નીસર્યે, ક્ષુદ્ર નાવ લઇ જુમના તર્યે.
માંહો માંહે કરે ઉપહાસ, આવ્યો પવન બુડયો સહુ સાથ
હાહાકાર થયો તે તીર, જળમાં પેશીને જુવે વીર.
ચીત્રવરમાં કાંઠે જઇ રૂવે, મીત્ર ના આવ્યો સઉ ચઢી જુવે
મછવેધી તેડયા તતકાળ, બંનો તીરે નંખાવી જાળ.

કોઇ મુવો કોઇ મગરે ગળ્યા, કોઈ રહયા કીચડમાં કળ્યા
કોઇ નીકળ્યા મુકીને પ્રાણ, કુંવર અલોપહવો નીરવાણ.
વીસમે થયા સૌ સાંભળી વાત. કહે કુંવરને નવ લાધી જાત
રાજાને લઇ આવ્યા ઘેર, રાણી વીલાપ કરે બહુ પેર.
સીમંતની મુર્છા ગત થઇ, સકળ અંગ તણી સુધ ગઇ
વીધ વીધ પ્રકારે કરે વીલાપ, સહાય કરો શંકર માબાપ.
સીમંતનીએ કર્યો વિચાર, સહગમન કરવું નીરધાર.
સહગમનની જાણી વાત, પેરે પેરે સમજાવે માત.
એક ગોત્રી ચંદ્રાગત તણો, કુટુંબાચાલ પાળે એ ઘણો.
બંધવ થઇ ને કીધો ધર્મ, પીંડોદક આદી કીધુ કર્મ.
એ વાત નૈષધ પુરમાં ગઇ, નગરી સૌ અતી વ્યાકુળ થઇ
ઇંદ્રસેન દુખ પામ્યો ઘણું, શું પ્રાયશ્ચીત જાગ્યું આપણું.
હવે મારી શીગત થશે, પુત્ર વીના નૃપ આસન જશે
મા બાપ આદી દેહે દમે, થયું જે ઇશ્વરને ગમે.
કાળી ગૃહ ઘાલો માહારાજ, લીધા દીન વાહન વીધીરાજ
શત્રુ મનમાં થયા પ્રસન, જેમ જાણે તેમ હરખે મન.
ચંદ્રસેન દુખ અતીસે ધરે, શત્રુ થકી અતી દુરબળ ફરે
તેના દુખ તણો નહી પાર, પુત્ર વીના તે ધીક અવતાર.
એ કથા એટલેથી રહી, સીમંતનીની શી ગત થઇ
તે કથાનો કહું વીસ્તાર, પ્રદોશ વ્રત કીધા સોમવાર

વીધવા થઇ દુખ પામી ઘણું, તોય કરે વ્રત શંકર તણું
સાચું થયું તે દ્વીજનું કહ્યું, ચૌદ વરસે વીધવાપણું થયું.
ચેતી મન કરી વિશ્વાસ, વ્રત કરી પુજે અવીનાશ
મીત્રીએ જે ફળ કહ્યું ઘણું, અનેકપુન્ય શીવ પુજયા તણું.
એ વાત મનમાં રાખી સહી, શીવ પુજે છે સ્થીર મન રહી
જળ ચઢાવે તો પાતીક ટળે, પીઠયુ જે તો નવે નીધ મળે.
નાના વીધ સુખ પામે સાર, ગંધાક્ષત પુજે નીરધાર
શુભ વાસના ધુપદાને હોય, દીપક કાન્તી સમે નહી કોય.
નૈવેદ નાના વીધ ભોગ, તાંબોળે પ્રશવે નહીં રોગ
ધર્મ અર્થ પુરણ કામ, પામે મોક્ષ કરે પ્રણામ.
જય કરે અસમાસીધ થાય, તે કારણ પુજે શીવ રાય
હોમ કરે પામે બહુ ધન, તેમને પુન્ય અમર પ્રસન્ન.
શંકર તણો કરો વિશ્વાસ, જન્મ તણા દુખ કરવા નાસ
એ કથા એટલેથી રહી, ચંદ્રાગતની શી ગત થઇ.
તે સઘળી વિસ્તારે કહું, પ્રીતધરી સાંભળજ્યો સહુ
અથાગ જળ તણો નહી પાર, મગ્ન થયો ત્યાં રાજકુમાર.
રસાતળ પનગની નાર, દેખી કુંવર વિસ્મે થઇ સાર
રૂપ દેખી પામી ઉલ્લાસ, લેઇ આવી તીક્ષકની પાસ.
તીક્ષક પુરમાં શોભા ઘણી, સ્ફાટીક ભીંત જડયા સુભમણી
સત્ય ભુવન મંદિર માળીયા, વાજે વાજીંત્ર કનક જાળીયા.

રત્ન સીંહાસન શોભા ઘણી, તે પલંગપર તીક્ષક ઘણી
સહસ્ત્ર કરણ શીર શોભા ઘણી, અનેક ભકિત કરે તે તણી.
કો બાળક વૃષ સેવક સાર, તેજ પ્રાક્રમ તણો નહી પાર
નાગે દીઠો રાજકુમાર, રીસ કરી બોલ્યો તે વાર.
કોણ લાવ્યું આ બાળક અહીં, કહો સાચું એ શી ગત થઇ
નીમ સહીત જોડી બે હાથ, કહે નાગકન્યા સાંભળો નાથ.
નાહાવા ગયાતાં યુમના તીર, ત્યાં દીઠો એક બાવનવીર
ચંચળ નેત્ર અંગે શોભા ઘણી, દેખાડવા લાવ્યા તમ ભણી.
આપો આજ્ઞા તે કરીએ અમે, એવું કહી સો ચરણે નમે
તક્ષકે ક્રોધ તજ્યો તેણીવાર, સમીપે તેડયો રાજકુમાર.
કોણ પીતા તમો રહોછો કહી, કોણ કારણ તમો આવ્યા અહી.
કોણ જાતને માત તમ તણી, ભકતી કરો કોણ દેવની ઘણી.
ઇચ્છા હોય તે કહો માહારાજ, રખે મનમાં રાખો લાજ.
કરજોડી નમી કહે નૃપ સુત, અનેક સ્તુતી માડી અદભુત
ભુપત માડવ નૈષદગામ, તેનો નૃપ નળરાજા નામ.
ઇંદ્રસેન નળ નૃપનો સુત, ક્ષત્રી ધર્મ પાળે અદભુત.
તેના સુત ચંદ્રાગદ હમો, જેને વાત પુછો છો તમો.
ચીત્રવરમા ઘેર વીવાહ મળ્યો, દશેયા ભોજનમાં ભળ્યો.
સખા સહીત રમવા નીસર્યા, ક્ષુદ્ર નાવ લઇ યમના તર્યા.
ભાગ્યુ નાવને બુડયો સહી. ભાગ્ય સુમે હું આવ્યો અહીં,

જુવા કોટી જન્મ અઘનાસ, નાગ કન્યા લાવી તમ પાસ.
અપુર્વમેં દીઠા માહારાજ, કાયા કૃતાર્થ થઈ અમઆજ.
જે દીઠેથી સર્વ દુખ ટળે, પૂર્વ પુન્ય ફળે આવી મળે.
એવું કહીને લાગ્યો પાય, વળતા બોલ્યા તીક્ષકરાય.
કોણ દેવને અધીકો ગણી, પ્રેમ ભકતી કરો કોણ તણી.
જેને ભજતાં ભવ દુખ સમે, એવા કોણ સેવો છો તમે.
વળતા બોલ્યા રાજકુમાર, અમે ભજીએ છીએ વિશ્વાધાર.
જેને આશરે તેજ અવતાર, રાજકૃતથી કરે અંગીકાર.
ચરાચરને સરજે જેહ, આદી અનાદી શીવ સેવું તેહ.
વિશ્નું વિશંભર નામે કહેવાય, કમળા જેને સેવે પાય.
સાતવીક ગુણે વૈકુંઠ ધામ, તે પ્રભુને કરૂ પ્રણામ.
રૂદ્ર રૂપે તામસ ગુણ ધરે, પ્રલય સ્થાવર જંગમનો કરે.
નીરાકાર નીરંજન બ્રહ્મ, રૂપ સરૂપ વર્જીત સૌ કર્મ.
શંભુ છે તેજ તણો પ્રકાશ, અમર તણો તે પ્રભુ અવીનાશ.
વાસુકી તક્ષક ધરે આભ્રણ, મહીમા પ્રીત કરે બહુ વરણ.
અહુર નીર અમર કરે સેવ અનેક નામ જાણું મહાદેવ.
એવી વાત પન્નગવર સુણી, આપ્યા સુગંધ કુસમ બહુ મણી.
શીવ સેવક જાણ્યો અવીધાન. પ્રસન્ન થઇ દીધા આસન માન.

રાગ વલણ.

આસન માન દીધા પ્રસન થઇ અનેક પન્નગવર સ્તુતી કરે.
મહાદેવ સુત હરદેવ કહે નૃપ ઉગાર્યો ગીરજાવરે.
(ચંદ્રાગદ સ્લોક બોલેછે તેનો અર્થ ગુજરાતીમાં લખ્યો છે.)

અર્થઃ—જેના મુસ્તક વીશે પુત્ર પામેલી ગંગા રહેલી છે જેના ખોળામાં ભગવતી એવી પાર્વતી રહેલી છે જેના કુંડળમાં વાસુકીમનો તક્ષક રહેલો છે અને જેના મુગટ વિશે અર્ધચંદ્ર છે એવા જે મહાદેવ તે અમને ગતી આપનારા છે.

રાગ ભુપાલનો.

સુત બોલીઆરે, સૌનક રૂષી શ્રવણે ધરે.
પ્રીતી પુર્વ કરે, શંકર વ્રત પુજા કરે.
શીવ સેવારે, મન વાંછીત ફળ દે સહી.
શીવ ભકતીનોરે, ત્રીવીધ તાપ પડે નહી.
સીમંતીનીરે, ચંદ્રાગદની યુવતી.
તેણે પુંજીયારે, પ્રદેશો ગીરજાપતી.
શીવ સેવારે, મહીમા થકી નૃપ ઉગાર્યો.

દુખ સાગરરે, ચંદ્રાંગદ પુરણુ તર્યો.
નાગ તણેરે, આદર ભાવ કીધા ઘણુા.
કંઠે આરોપ્યારે, અમુલ્ય હાર મણી તણુા.
એમ બોલ્યારે, વર માગો મન ભાવતા.
જાણું નહીરે, શીવ સેવક અહી આવતા.
જો જાણુતરે, તો સામા આવત સહી.
સુખ ભોગવોરે, મણી શોભીત મંદીર રહી.
રોગ શોકનુરે, તસ્કર વરજીત પુરતદા.
કલ્પતરૂ વરરે, મન વાંછીત ફળ દે તદા.
અમૃત વહેછેરે, પુર્ણ વાવ્ય શોહામણી.
નાગ કન્યારે, પ્રેમે પ્રીત કરશે ઘણી.
રોગ દુખનીરે ન જાણે કો સંભાવના.
અંગે ચરચોરે સીત વસ્ત્ર ચંદન બાવના.
નીશ્ચળ થઇરે, ચીંતા સવ્રગી પરહરો.
ભાતભાતનારે, વીધવીધ ભોગ નીત્યે કરો.
એવું સાંભળિરે, વળતી બોલ્યા નૈષધપતિ.
સ્વામિ સાંભળોરે, સત્ય કહુ એક વીનતી.
અમ નારીરે, સીમતની વ્યાકુળ થશે.
તેતો પરણીરે, સસસા મંદિર હવે જશે.
પતીવ્રતારે, નારી શીરોમણી છે સતી.

સોમવારેરે, પ્રીતે પુજે ગીરજાપતી.
અમ ઉપરરે, સસરા પ્રેમ રાખે ઘણો.
કરી કરૂણારે, પુરો મનોરથ અમતણો.
દુઃખ ઉપન્યુંરે, વૃદ્ધ વય માત પીતા તણું.
હવે શું રહીરે, દુઃખે તે દાઝે ઘણું.
એવું સાંભળીરે, તક્ષક પ્રીત પામ્યોઘણી.
તોલપુરરે, એક ભાર આપ્યા મણી.
મનવેગીરે, અશ્વ એક આપ્યો ભલો.
સેવક કરીનેરે, એક રાક્ષસ સંગે મોકલ્યો.
એક નાગનેરે, તક્ષકે કીધી વીનતી
રક્ષા કારણેરે સંગે રહો જ્યાં ભુપતી.
વર આવ્યોરે, સકલ લોક ઉર હસે.
શત્રુ [illegible]રે, તમને નાખશે.
ચંદ્રાંગદરે, આજ્ઞા માગીને નાસ્યો.
ચાલી અંબરરે, ભાર રાક્ષસને શીરધર્યો.
[illegible] નાગનેરે, [illegible] કોઈ આવી રહ્યો.
નીર [illegible]રે, [illegible] કોઈ આવી રહ્યો.
[illegible]રે, [illegible] કોઈ [illegible] કરે.
[illegible]
તે દીવસરે, સોમ પ્રદોષ આવ્યો સહી.

ત્યાં નાવાનેરે, સીમંતની આવી રહી.
નર દીઠોરે, ઉત્તમ અશ્વ નચાવતો..
કહે કંઇએકરે, આ નર મેં દીઠો હતો
વીરમે થઇનેરે, સૈયરને કહે વિનતી.
રૂપ તક્ષણરે, જાણે ચંદ્રાંગદ ભુપતી.
એવુ કહીનેરે કામબાણ વ્યાકુળ થઇ.
કર્મ કેરારે, લેખ લખ્યા તે મટે નહી.
રંક કરમેરે, રત્ન અમુલ્ય જાન્યુ નહી.
એવુ કહીનેરે, ચીન્તામન થઇ રહી.
ત્રણ વરસેરે, અનુંપમ નર આવ્યો ફરી.
તેણે દીઠીરે, નારી દુઃખે પુરણ ભરી.
સૌભાગનુંરે, જતનું એક દીસે નહીં.
કહે [illegible]રે, તીલક [illegible] શોભા નહીં.
[illegible] લોકથીરે, શરીર તેને લાજથી [illegible].
નીશ્વાસ મુકેરે, શરીર સુકવા લાગી.
[illegible]
[illegible]
[illegible]
[illegible]
એમ બોલ્યારે, [illegible]

દેહ દુર્બળરે, પ્રથમ કાંન્તી હુતી ઘણી.
લજ્યા પામીરે, મધુર વાકય શ્રવણે સુણી.
સખીને કહેરે, માડી વાત કહો અમતણી.
સૈયર કહેરે, સાંભળો કથા એની કહુ.
નૈશદ પતીરે, ઇંદ્રસેનની એ વહુ.
ઇંદ્રસેનનોરે, કુંવર ચંદ્રાગદ છે ભલો.
રૂપ લક્ષણેરે, ન જાગે કોણે કલ્યો.
તેની નારીરે, નામ તેનું જાણો તમે.
દીનપ્રત્યેરે, વીપ્ર જમાડી પોતે જમે.
એનો સ્વામીરે, સસરા મંદિર નીત્ય રમે.
તેતો બુડયોરે, યુમના જળે કોઇક સમે.
વરસ ચૌદમેરે, વીધવા દુખ પામી ઘણું.
વ્રત ન મુકેરે, સોમવાર શંકર તણું.
શીવ શકતીનેરે, નીત્ય પુજે સંધ્યા સમે.
વર વીપ્રનેરે વસ્ત્રભુષણ આપી નમે.
ઇંદ્ર સેનનેરે દેહે દુખ દીધું આકરૂં.
માત તાતનેરે, બંધન કરી ધન સુખ હર્યું
બંધમાં રહીરે, વીપત થકી ઉદર ભરે.
ચંદ્રગદરે, હરનીશ અતી સાંભરે.
રૂત જાણીનેરે, તીર્થે નાહાવા આવી સતી.

એમ માડીરે, કહી સઘળી એની ગતી.
નારી જાણીરે, ટાળી ભ્રાંતી સરવે ચીતની.
હર્ષ પામીનેરે, વળતી બોલી સુમંતની.
કોણ કારણરે, વાત પુછો સ્નેહલક્ષણા.
તમે નર નહી રે, અમર જાત સુત કો તણા.
પક્ષ રાક્ષસરે, કોણ સંગે આ બે જણા.
ગુણસાગરરે, અતી વલભ સોહામણા.
સેજ બોલોરે, દુર્બળ જાણો કયમ કરી.
કીયાંથી આવ્યારે, કોણ દેશ જાઓ ફરી.
એવું કહીનેરે, નેત્રથકી આંસુ ઝર્યાં.
[illegible]તી પૂર્વકરે. સ્વામી લક્ષણ સૌ સાંભર્યાં.
કંઠ બાઝયોરે મુગધાઅણ બોલી રહી.
મુર્છા થઇરે, શરીર શુધ્ધ સઘળી ગઇ.
વસુધા પરરે, પડતાં સખીએ કર ધરી.
ચંદ્રાગદરે, પ્રીત દીઠી ત્યાં આકરી.
મોહ પામ્યોરે, ઘડીકા એ વ્યાકુળ થયો.
ધીરજ ધરીનેરે, પ્રેમ બોલ સ્રીને કહયો.
કર ફેરવીરે, મુખે બોલ્યો સાંભળ સતી.
સોમવારેરે, તમો પુજો પશુપતી.

...ણું કરીરે, સકલ લોક તારી થઇ.
દીન બે પછીરે, નીજ પતીને મળશો સહી
નર રૂપેરે. સકળ લોક ફરીએ અમે.
તારો સ્વામીરે, દીઠો હતો કોઈ સમે.
તુજ પાસેરે, રેહવાને ઇચ્છે ઘણું.
દીન થોડેરે, સુખ થાસે સ્વામી તણું.
શીવ સેવોરે. અંતર પ્રેમ ચીતે ધરી.
એવું કહીનેરે, સ્વારી સીધ્રે કરી.
અશ્વ ચઢીનેરે, નૃપવર ત્યાંથી સંચર્યા.
નાગ રાક્ષસરે, સંગે સતી ઉલટ ભર્યા.
શુભ અંબરરે, ચંદન પુષ્પ શોભે બહુ.
જેની વાસનારે, દશ દીસે વ્યાપી બહુ.
નાલ દેશનીરે. વાટી મધ્યે ગર્ભ ઉતર્યા.
ભૂર જોગનારે, કનક ભુષણ શોભા બન્યાં.
લોક કહાનારે, ચીત્રવરમા પાસે ગયા.
વધામણીરે [illegible] લેવા સહુ નગર ગયા.
[illegible]
નારી મળીરે, સીમંતીની પાસે ગઇ.
[illegible]
કુશળ આવ્યોરે, બેન કહો સઘળી ગતી.

સખી સાંભળોરે, નાશ થયો તે કેમ મળે.
નાગ રાક્ષશરે, કોણ અમર માયા કળે.
એવે વરણેરે, લક્ષમે જાણ્યા સહી.
નર નીશ્ચેરે, એ ચંદ્રાગદ અન્ય નહી.
કોણ જાણેરે, કયાંથી આવ્યો નેકીયાં ગયો.
મન મધ્યેરે, અદભુત એ સંદેહ રહયો.
શું જાણીએરે, ઇંદ્રજાળ વિદ્યા હશે.
શીવ વ્રતથીરે, વીપ્ર વાણી સાચી થશે.
આઠ બાળકરે, એક કન્યા તેણે કહી.
માટે નીશ્ચયરે, ચંદ્રાગદ માગશે સહી.
વ્રત જાણીનેરે, શંકરે માયા મોકલી.
શુર પ્રતાપથીરે, ન જાય કોણે કળી,
એવું કહીનેરે, સીમંતીની નાહાવા ગઇ,
હવે સાંભળોરે, કુંવર તણી જે ગત થઇ.
શત્રુ જાણીનેરે, એક રાક્ષસ તેણે મોકલ્યો.
[illegible] માયાથી તીણે [illegible].
પુરમાં [illegible].
[illegible].
[illegible].
[illegible], અંજન કરીને [illegible].

તેનો કુંવરરે, ચંદ્રાગદ આવ્યો ફરી.
તેની શેવારે તક્ષક નાગે ઘણી કરી.
તેને ત્યાંથારે, કનક કુસુમ આપ્યા મણી.
રાજા મુકીનેરે, ખોળો જગા રહેવા તણી.
ઇંદ્રસેનનેરે, ભકતી કરી ચરણે નમો.
કપટે કરીરે, અનેક પેરે જેને દમો.
ઘર સાથેરે કુશળ ધરો મન વાંછના.
થઓશીઘ્રેરે, કરો કુંવરની ઉપાસના.
યુધ્ધ કરવાનીરે, જો ઇચ્છા રાખો તમો.
થાઓશીઘ્રેરે, તત્પર થઇ આવ્યા અમો.
એવું સાંભળીરે, દેહ ધ્રુજે થયો આકળો.
સૌ જન કહેરે, ઇંદ્રસેનને જઇ મળો.
એવું સાંભળીરે, ઇંદ્રસેન પાસે ગયો.
બંધ છોડીરે, કરજોડી ઊભો રહ્યો.
ચર્ણ વંદીરે, પ્રેમ કર્યો બહુજન તણો.
એમ બોલ્યોરે, મેં અપરાધ કીધો ઘણો.
માતતાત છોરે, અન્યાય અમારો સાંખજો.
ચંદ્રાગદરે, કુંવર વત કરી રાખજો.
વરણાશ્રમરે, સૌકો સુખ પામી ઘણું.
ગીત ગાયનેરે, ઘેર ઘેર હોય વધામણું.

સીંહાસનરે, રાજ તેને શોભે ઘણું.
ઇંદ્રસેનનેરે, મુસ્તક છત્ર સોના તણું-
વાજા વાગેરે, સરણૈઓ સોહામણી
નાચે અપશરારે, વીપ્રવાણી વદતા ઘણી.
ગુરૂ મંત્રીરે, નગર લોક સામા ગયા.
રાજ પુત્રનેરે, ભેટી મન આણુંદ થયા.
પંચ શબ્દમારે વાજાં ને નોબત ગરગડે
શુભ જોગેરે. રાજ કુંવર અશ્વ ચડે,
નીજ મારગરે, કુંવર પધારયા જે સમે.
કરજોડીરે, જનપતીને સૌ પ્રેમે નમે.
ભાટ ચારણુરે, ઉતમ જસમુખ ઉચરે.
વૃધ્ધ બાળકરે, પ્રીત પુર્વક સંગે ફરે
માત તાતનેરે, યથાયોગ્ય ચરણે નમે.
તેના મન તણોરે, ત્રીવીધ તાપ તતક્ષણ સમે
મુર્છા થઇરે, મુખે બોલ્યાની શુદ્ધ ટળી.
સુત ભેટતાંરે. રાયમન વીસમય વળી.
પાછા પંડીતરે. રાજ સભામાં બેઠા સહુ.
તે દેખતારે, પુત્રે વાત કીધી બહુ
નાગ તક્ષકેરે, પ્રેમે ભકતી કીધી ઘણી.
તેણે આપ્યારે કનક કુસુમ અંબરમણી

સુગંધથીરે, સકળ દેશનીરમળ હવો.
સઉ જન કહેરે, આ સોરમ દીઠો નવો.
મણી અંબરરે, દેખી સૌ વીસ્મય થયા.
તેજ અદભુતરે, સહુ કો નેત્ર મીચી રહયા.
ઇંદ્રસેનનેરે, હરખે પુરણુ આંસુ ઝરે.
કહે જે સાસુ રે, સ્વપ્ન વત એમ ઓચરે
મંત્રી વરરે, સમજાવે નૈશદપતી.
રાજા કહેછેરે, કુળવંતી વહુ પામ્યો સતી.
તેને પુજયરે મગન પુત્ર અમને મળ્યો.
એવું કહીનેરે, એક સેવક ત્યાં મોકલ્યો.
ચીત્રવરમાનેરે. મંદિર કહેવા વધામણી.
એવું સાંભળીરે હર્ષ પામી સીમંતીની,
સેવકનેરે, આપ્યાં તન મન ભાવતાં
મણી અંબરરે, અંગે આભુષણો શોભતાં
સૌભાગણીરે, પુર્ણ જાણી રાયે દીકરી.
સૌ નૃપ મળીરે, વીવાહ વીધી કીધી ફરી.
ધન અંબરરે, રાજ સંપત સોંપ્યું સહુ.
ઇંદ્રસેનરે, કહે કુળવંતી એ વહુ.
એવું કહીનેરે આપ્યા સુગંધ કુસુમમણી.
દશ યોજનરે, સુગંધ સોભા જેની ઘણી.

મુક્તાફળરે, કંઠે હાર પંકજ તણો.
સુકે નહીરે, સદા સુગંધ ગુણ જે તણો.
ચંદ્રાગદરે લાવ્યો પાતાળ વીષે જઇ.
તેને દેખીનેરે નારી સઉ વીસ્મય થઇ.
ચીત્રવરમારે, નરનારી ને આનંદ થયો.
ચંદ્રાગદરે, મળી ભેટી નીજ પુરમાં ગયો.
ઇંદ્રસેનજરે, રાજ સોંપી નીરમળ થયો.
શીવ ભજવારે, યોગ ધરી વનમાં ગયો.
ભાવે કરીનેરે, ભજન કર્યું શીવરાયનું.
ટાળ્યુ પ્રાશ્ચિતરે મનસા વાચા કાયનું.
તે રાજારે, નીરભય થઇ શીવપુર ગયો.
સુખ પામ્યોરે, ગીરજાવર ચરણે રહયો.
ચીત્રવરમારે, રાજનીતી ભલી હવી.
શીવ ભજતાંરે, કીર્તી પામ્યા અવનવી.
સૌ ભુપતીરે, ચંદ્રાગદની સેવા કરે.
ભુમંડળરે, દાણ આણ સઘળે ફરે.
સુખ સંપતરે, રીદ્ધ સીધ્ધ પામ્યો નીતનવી.
આઠ બાલકરે, એક પુત્રી નીરચે હવી,
શીવ વ્રતથીરે વીપ્ર વાણી સાચી થઇ.
વરસ પુરણરે, દશસહસ્ત્ર ગયા વહી.

સુખ ભોગવીરે, અંતે શંકર પદે ગયો.
નિશ્ચળ થઇરે, ગીરજાવર ચરણે રહ્યો.
નીર્મળ થયારે, પુન્ય સઉ શંકર વ્રતતણું.
ગીરજાવર ભજોરે, પ્રીત ચીત રાખી ઘણું.
શીવ પુજારે, વ્રત મહીમા શ્રવણે ધરે.
સુખ ભોગવેરે ભવસાગર નીશ્ચય તરે.

રાગ વલણનો.

ભવસાગર નીશ્ચય તરે, તે ગર્ભવાસે આવે નહી ફરી
માહાદેવ સુત હરદેવ કહે, શાંવ ભજો ચીત પ્રીતધરી.

ઇતી શ્રી બ્રહ્મોતર ખંડે સોમ પ્રદોશ મહાત્મે
સીમંતની આખ્યાન સંપુર્ણ.



श्री गणेशायनमः

प्रभो: चतुर्विंशो जनमायनम:

પ્રથમ અવતાર ભગવાને શ્રી પુરૂષોત્તમનો ધારણ કર્યો સૃષ્ટિ ઉત્પન્ન કરવા સારૂ ભગવાને આ અવતાર ધારણ કર્યો સૃષ્ટિ કરી જળમાં શયન કર્યું એવા પુંર્ણ પુરૂષોત્તમ ભગવાન અમારૂં રક્ષણ કરો. હું તમને નમસ્કાર કરૂં છું. હે પ્રભુજી બીજો અવતાર વાસુદેવ સહીત શ્રી કૃષ્ણભગવાન નારાયણનના નાભીક મલમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા. એ બ્રહ્મારૂપી ભગવાનને હું નમસ્કાર છું તમે અમારૂં રક્ષણ કરો હે પ્રભુજી. ત્રીજો અવતાર ભગવાને સનકાદિકનો ધારણ કર્યો ને બ્રહ્મચર્યવ્રત પાળ્યું. જય વિજયને શ્રાપ દીધો. તેમના ઉપર અનુગ્રહ કરવાવાળા હે ભગવાન અમારૂં રક્ષણ કરો હું તમને નમસ્કાર કરૂં છું હે પ્રભુજી ચોથો અવતાર ભગવાને વરાહ અવતાર ધારણ કર્યો પૃથ્વીનો ઉદ્ધાર કરવા સારૂ પોતાના હાથમાં ગદા લઇ હીરણ્યાક્ષાનો વધ કર્યો જળ ઉપર પૃથ્વીની સ્થાપના કરી એવા જગન્ન વરાહ અવતાર પ્રભુ તમે અમારૂ રક્ષણ કરો. હુ તમને નમસ્કાર કરૂં છું હે પભુજી પાંચમો અવતાર ભગવાને પોતે નારદજીનો ધારણ કર્યો હાથમાં બ્રહ્મવીણા લઇ બ્રહ્મલોકને વિશે ફરવા સારૂ

ગયા ભગવાનનું મન નારદમાં ને નારદનું મન ભગવાનમાં એવા હે નારદ મુની હું તમને નમસ્કાર કરૂં છું તમે અમારૂં રક્ષણ રક્ષણ કરો. હે પ્રભુજી છઠ્ઠો અવતાર ભગવાને નર નારાયણનો ધારણ કર્યો માતા તો જેનાં મહુરતીને પિતા તો જેના ધર્મ. બદ્રિકાશ્રમને વિશે તપ કરવા સારૂ ગયા એવા હે પ્રભુ તમે અમારૂં રક્ષણ કરો હું તમને નમસ્કાર કરૂં છું. હે પ્રભુજી સાતમો અવતાર ભગવાને કપીલ દેવજીનો ધારણ કર્યો માતા જેનાં દેવહુતીને પિતા તો જેના કર્દમરૂષી. પોતાની માતાને સાંખ્ય યોગનું જ્ઞાન કર્યું ને માતાનો ઉધ્ધાર કર્યો એવા હે કપિલ દેવજી અવતાર તમે અમારૂં રક્ષણ કરજો હું તમને નમસ્કાર કરૂં છું. હે પ્રભુજી આઠમો અવતાર ભગવાને ગુરૂ દતાત્રીનો ધારણ કર્યો. માતા તો જેનાં અનુસયા અને પિતા તો જેનાં અત્રી રૂષી. ચોવીશ તો જેણે ગુરૂ કર્યા જદુરાજને જ્ઞાન કર્યું એવા હે ગુરૂ દત્તાત્રી અવતાર ભગવાન તે તમો અમારૂં રક્ષણ કરજો હમે તમને નમસ્કાર કરૂં છું. નવમો અવતાર ભગવાને નારાયણનો ધારણ કર્યો. માતા તો જેના આકુતી ને પિતા તો જેના રૂચી રૂષી. પોતાના યજ્ઞ નામના પુત્રનું રક્ષણ કર્યું તથા બ્રાહ્મણના પહોંતું રક્ષણ કર્યું એવા હે નારાયણ અવતાર ભગવાન અમારૂં રક્ષણ કરો. હું તમને નમસ્કાર કરૂં છું. હે પ્રભુજી દશમો અવતાર ભગવાને રૂષભ દેવજીનો ધારણ કર્યો માતા તો જેનાં મેરૂદેવી ને પીતા તો જેના

નાભી. રાજા પ્રગટ થઇને લોકોને ગાંડા જેવાં ચીન્હો દેખાડયાં પોતાના પુત્રને જ્ઞાન કર્યું એવા હે રૂષભદેવજી અવતાર ભગવાન તમે અમારૂં રક્ષણ કરો હું તમને નમસ્કાર કરૂં છું. હે પ્રભુજી અગીઆરમો અવતાર ભગવાને પૃથુરાજાનો ધારણ કર્યો વેન રાજાના અંગમાંથી પ્રગટ થઇને પૃથ્વીનું દોહન કર્યું. બ્રાહ્મણોને ઔશધીઓ આપી એવા પૃથુરાજા અવતાર ભગવાન તે તમો અમારૂં રક્ષણ કરો હું તમને નમસ્કાર કરૂં છું. હે પ્રભુજી બારમો અવતાર ભગવાને મચ્છાવતાર ધારણ કર્યો. કૃતમાલ અંગામાંથી પ્રગટ થયા સપ્તરૂષી તથા અત્ય વ્રત રાજાનું રક્ષણ કર્યુંએવા મચ્છા અવતાર ભગવાન તમે અમારૂં રક્ષણ કરો હું તમને નમસ્કાર કરૂં છું. હે પ્રભુજી તેરમો અવતાર ભગવાને કચ્છાઅવતાર ધારણ કર્યો મંદ્રાચળ પર્વતને રવૈયો કર્યો વાસુકી નાગનાં નેત્રા કર્યા સમુદ્રની ગોળી કરી દેવને દૈત્યો વલોવવા લાગ્યા મંદ્રાચળ પર્વત ડોલવા લાગ્યો. મેરૂને પાઠી દીધી એવા કચ્છા અવતાર ભગવાન તમે અમારૂં રક્ષણકરો હું તમને નમસ્કાર કરૂં છું હે પ્રભુજી ચઉદમો અવતાર ધનવંતરીનો ધારણ કરયો સમુદ્રમાંથી અમૃતનો કળસ લઇને પ્રગટ થયા. લોકોના રોગને નાશ કરવાવાળા હે ધનવંતરી અવતાર ભગવાન તમે અમારૂં રક્ષણ કરોહું તમને નમસ્કાર કરૂં હે પ્રભુજી. પંદરમો અવતાર ભગવાને મોહની રૂપ ધારણ કરયું દેવતાઓને અમૃત તથા દૈત્યોને મદિરાપાન કરાવ્યું મહાદેવજીને મોહની રૂપ

દેખાડી મોહ પમાડયા એવા હે મોહની રૂપ ભગવાન તમે અમારૂ રક્ષણ કરો હું તમને મમસ્કાર કરૂં છું. હે પ્રભુજી સોળમો અવતાર ભગવાને નરસિંહ અવતાર ધારણ કર્યો. સંધ્યા કાળ વખતે થંભમાંથી પ્રગટ થયા હીરણ્ય કશ્યપુનો નાશ કર્યો. પ્રહલાદનું પ્રતિપાલન કર્યું તથા અભય વરદાન આલ્યું સ-તરમો અવતાર ભગવાને વામનજીનો ધારણ કર્યો. માતાતો જેનાં અદિતિ ને પિતાતો જેના કશ્યપ રૂષી. પ્રગટ થઇ બળીરાજા પાસે ત્રણ ડગલાં પ્રથ્વીનું દાન માગવા સારૂ ગયા. ત્રણ ડગલામાં સર્વસ્વ લીધું ને પાતાલમાં ચાંપ્યો ઇંદ્રને સ્વર્ગનું રાજ્ય આપ્યું ચતુર્માસ ચોમાસાના ચાર મહીના બળીરાજાને ઘેર દ્વારપાળ થઇને રહ્યા એવા વામનજી અવતાર ભગવાન તમે અમારૂ રક્ષણ કરો હું તમને નમસ્કાર કરૂં છું અઢારમો અવતાર ભગવાને વેદવ્યાસનો ધારણ કર્યો માતાતો જેનાં સત્યવતી ને પિતાતો જેના પરાશર રૂષી પ્રગટ થઇ સરસ્વતીને તીરે તપ કરવા સારૂ ગયા. કૌરવ પાંડવના કુળને વધારનાર વેદ પુરાણને રચવાવાળા હે વ્યાસ મુની તમે અમારૂં રક્ષણ કરો હું તમને નમસ્કાર કરૂં છું. હે પ્રભુજી ઓગણીસમો અવતાર ભગવાને પરશુરામનો ધારણ કર્યો માતા તો જેનાં રેણુકાને પીતા તો જેના જમદગ્નિ રૂષી પ્રગટ થઇ એકવીશવાર નક્ષત્રી પૃથ્વી કરી બ્રાહ્મણોને રાજ્ય આપ્યું તે કુંકણપટીમાં જઇને રહ્યા એવા હે પરશુરામ અવતાર

ભગવાન તમે અમારૂં રક્ષણ કરો હું તમને નમસ્કાર કરૂં છું. હે પ્રભુજી વીસમો અવતાર ભગવાને રામચંદ્રજીનો ધારણ કર્યો માતા તો જેનાં કૌશલ્યાં ને પિતા જેના દશરથ રાજા રઘુકુળમાં પ્રગટ થયા. કેકઇના વચનથી વનવાસ ગયા રાવણે જોગીના વેસે સીતાનું હરણ કર્યું. હનુમાનને બોલાવી સીતાની સોધ કરાવી નળ નીળને બોલાવી સમુદ્ર ઉપર પાળ બંધાવી. રાવણ મારી લંકાનું રાજ્ય વિભીશણને આપ્યું ને પુષ્પક વિમાનમાં બેસી અયોધ્યાવાસી લોકોને વૈકુંઠમાં પહોચાડયા એવા હે રામચંદ્રપ્રભુ તમે અમારૂં રક્ષણ કરો હું તમને નમસ્કાર કરૂં છું. હે પ્રભુજી એક વીસમો અવતાર ભગવાને બળરામનો ધારણ કર્યો માતા તો જેનાં દેવકી ને પિતા તો જેના વસુદેવજી. આકરષણ વડે રોહીણીના ઉદર વીષે પ્રગટ થયા. હળ મુસળ ધારણ કરવાવાળા હે બળરામ તમે અમારૂં રક્ષણ કરો હું તમને નમસ્કાર કરૂં છું. હે પ્રભુજી બાવીસમો અવતાર ભગવાને કૃષ્ણચંદ્રજીનો ધારણ કર્યો માતા તો જેનાં દેવકીજી ને પિતા તો જેના વસુદેવજી મથુરાને વિષે પ્રગટ થયા મધરાતે ગોકૂળમાં ગયા. ત્યાં અગીઆર વરસને બાવન દહાડા ગોપીઓ સાથે લીલા કરી શરદૠતુની પ્રફુલીત રાત્ર જોઇ ગોપીઓને રાસ લીલા રમાડી મથુરામાં આવી મામા કંસનો વધ કરયો મથુરાનું રાજ્ય ઉગ્રસેનને આપ્યું ને પોતે દ્વારકાનું રાજ્ય કર્યું એવા હે કૃષ્ણ ચંદ્ર અવતાર ભગવાન તમો.

અમારૂં રક્ષણ કરો હું તમને નમસ્કાર કરૂં છું તેવીસમો અવતાર ભગવાને કીકટ દેશમાં બુધાવતાર ધારણ કરયો પાપ પુન્યને ધરમ નીતી ને જોવાવાળા કલજુગને વિસે પાસાણની મુરતીથી પૂજાવાલા હે બુધ્ધા અવતાર તમે અમારૂં રક્ષણ કરો હું તમને નમસ્કાર કરૂં છું હે પ્રભુજી. ચોવીસમો અવતાર ભગવાને સંભૂળ ગામે વિસ્નુ વ્યાસ બ્રાહ્મણો ઘેર કલ્કિ અવતાર ધારણ કરયો કોપ્યાધીકોટી મળે સજ્જગણોને માશ કરશો ફરીને સતી યુગની પેઠે વર્તાવશો એવા હેકલ્કી અવતાર ભગવાન તમે અમારૂં રક્ષણ કરો હું તમને નમસ્કાર કરૂં છું

(હે પ્રભુજી ચોવીસ અવતાર સંપુણ.)

સમાપ્ત

જાહેર ખબર.

તૈયાર છે !   તૈયાર છે !   તૈયાર છે !

અમારે ત્યાં નીચે લખેલા પુસ્તકો રોકડી કીમતે છુટક તથા જથ્થાબંધ મળી શકશે વેપારીઓને સારૂ કમીશન આપવામાં આવશે.

	કી. રૂા. આ. પૈ.
પ્રબંધ ચિંતામણી મૂળ સંસ્કૃત.	૨—૦—૦
પ્રબંધ ચિંતામણી ભાષાંતર દ્વીતીયાવૃત્તિ	૨—૮—૦
પ્રબંધ ચિંતામણી ઉભયોસહ.	૩—૮—૦
આચારપ્રદીપ ભાગ ૧લો	૧—૪—૦
આચારપ્રદીપ ભાગ ૨જો	૧—૪—૦
રંભામંજરીનાટીકા	૦—૮—૦
શબ્દરૂપાવલી	૦—૪—૦
આત્મ નિંદાષ્ટકમ	૦—૪—૦
વૈરાગ્યતક તૃતિયાવૃતિ	૧—૦—૦
શ્રી આવસ્યક સુત્રમ (નીત્યવિધી ગુજરાતી)	૦—૪—૦
શ્રી આવસ્યક સુત્રમ (નીત્યવિધી બાળબોધ)	૦—૪—૦
લીલા મંજરી (સહેજાનંદ સ્વામીની લીલાઓ)... ...	૦—૮—૦
શ્રીમદ્ ભાગવદ	૧૫—૦—૦
શ્રી વાસુદેવ મહાત્મ (પૂર્વાર્ધ)	૧—૦—૦

શ્રી વાસુદેવ મહાત્મ (ઉત્તરાર્ધ ૧–૨–૦
શ્રી અત્સંગી વિજય નામાસીક અંકો (છુટા) દરેકના ૦–૪–૦
બાર માસના ભેગાં બંધાવેલા અંકો ૧–૮–૦

ઉપર પ્રમાણે ગ્રંથો તૈયાર તેમ બીજા ઘણા ગ્રંથો છપાય છે. પત્ર વ્યવહાર નીચેના શીરનામે કરવો.

પ્રસિદ્ધ કર્તા શાસ્ત્રી લક્ષ્મીનારાયણ રામચંદ્ર

સાંકડી શેરી જતીની પોળ—અમદાવાદ.



ચોપડી મળવાનું ઠેકાણું.

રા૦ રા૦ રાધાકૃષ્ણ રામચંદ્ર શાસ્ત્રી

ઠે૦ હરીપુરા હળદરણીઉ - સુરત.

રા૦ રા૦ લક્ષ્મીનારાયણ રામચંદ્ર શાસ્ત્રી

ઠે૦ સાંકડીશેરી જતીની પોળ—અમદાવાદ.

રા૦ રા૦ હરીશંકર અંબેરામ

શામળાજ શેરી—મહુધે.

બીજા સઘળા પ્રસીદ્ધ પુસ્તકવાળાને ત્યાંથી મળશે.